## ઠાગાઠૈયા કરું છું



એક હતો કાગડો અને એક હતી કાબર. બંને જણાંને દોસ્તી થઇ.
કાબર ભલી અને ભોળી હતી, પણ કાગડો બહુ પાક્કો હતો. કાબરે કાગડાને કહ્યું; કાગડાભાઇ, કાગડાભાઇ ચાલોને આપણે ખેતર ખેડીએ? દાણાં સારા થાય તો આખું વરસ ચણવા જવું ન પડે અને નિરાંતે ખાઇએ.
કાગડો કહે : "બહુ સારું: ચાલો." પછી કાબર અને કાગડો પોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યાં થોડી વાર થઇ ત્યાં કાગડાની ચાંચ ભાંગી એટલે કાગડો લુવારને ત્યાં તે ઘડાવવા ગયો. જતાં જતાં કાબરને કહેતો ગયો! કાબરબાઇ તમે ખેતર ખેડતાં જાઓ હું હમણાં ચાંચ ઘડાવીને આવું છું. કાબર કહે : "ઠીક."
પછી કાબરે તો આખું ખેતર ખેડી નાખ્યું પણ કાગડાભાઇ આવ્યા નહિ. કાગડાભાઇની દાનત ખોટી હતી એટલે ચાંચ તો ઘડાવી પણ કામ કરવાની આળસે ઝાડ ઉપર ત્યાં બેઠા બેઠા લુહારની સાથે ગપ્પાં મારવા લાગ્યા.
કાબર તો કાગડાની રાહ જોઇ થાકી ગઇ, એટલે કાગડાને બોલાવવા ગઇ. જઇને કાગડાને કહે કાગડાભાઇ, કાગડાભાઇ ચાલોને? ખેતર તો ખેડાઇ ગયું હવે આપણે વાવીએ !!
કાગડો કહે :
"ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું જાવ,કાબરબાઇ આવું છું"
કાબર પાછી ગઇ અને એણે તો વાવવાનું કામ શરુ કર્યું કાબરે રૂપાળો બાજરો વાવ્યો. થોડા દિવસોમાં એ એવો તો સુંદર નીકળ્યો કે બસ!

એટલામાં નીંદવાનો વખત થયો એટલે વળી કાબરબાઇ કાગડાને બોલાવવા ગઇ. જઇને કાગડાને કહે "કાગડાભાઇ, કાગડાભાઇ ચાલો ચાલો, બાજરો બહુ સારો ઉગ્યો છે. હવે જલદી નીંદવું જોઇએ, નહિતર માલને નુકસાન થશે."
આળસુ કાગડાએ ઝાડ પરથી કહ્યું;
"ઠાગા ઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવુ છું, જાવ,કાબરબાઇ આવુ છું"
કાબર તો પાછી ગઇ અને એકલીએ ખેતર આખું નીંદી નાખ્યું. વખત જતાં કાપણીનો સમય આવ્યો એટલે કાબર વળી કાગડાભાઇને બોલાવવા ગઇ, જઇને કાગડાને કહે "કાગડાભાઇ હવે તો ચાલો? કાપણીનો વખત થયો છે. મોડુ કાપશું તો નુકશાન થશે"
લુચ્ચા કાગડાએ કહ્યું;
"ઠાગા ઠૈયા કરું છું, ચાચુડી ઘડાવું છું જાવ, કાબરબાઇ આવું છું"
કાબરબાઇ તો નિરાશ થઇ પાછી ગઇ. અને ખિજાઇને એકલીએ આખા ખેતરની કાપણી કરી નાખી. પછી તો કાબરે બાજરાનાં ડૂંડામાંથી બાજરો કાઢયો. અને એક કોર બાજરાનો એક ઢગલો કર્યો અને બીજી કોર એક મોટો ઢૂસાનો ઢગલો કર્યો, અને ઉપર થોડોએક બાજરો નાખ્યો. પછી તો કાગડાને બોલાવવા ગઇ. જઇને કહે "કાગડાભાઇ હવે તો ચાલશો ને? બાજરાના ઢગલા તૈયાર કર્યાં છે. તમને ગમે તે ભાગ તમે રાખજો." વગર મહેનતે બાજરાનો ભાગ મળશે એ જાણી કાગડાભાઇ ફુલાઇ ગયા. તેણે કાબરને કહ્યું; "ચાલો બેન તૈયાર જ છું હવે ચાંચ બરાબર થઇ ગઇ છે." કાબર મનમાં બોલી "ખોટી દાનતના ફળ હવે બરાબર ચાખશો, કાગડાભાઇ," પછી કાગડો અને કાબર ખેતરે આવ્યાં. કાબર કહે "ભાઇ, તમને ગમે તે ઢગલો તમારો". પછી કાગડાભાઇ તો મોટો ઢગલો લેવાને માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઇને બેઠા. પણ જયાં બેસવા જાય ત્યાં ભાઇશા'બના પગ ઢૂંસામા ખૂંતી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસા ભરાઇ ગયાં અને કાગડાભાઇ મરણ પામ્યા. પછી કાબરબાઇ બાજરો પોતાના ઘેર લઇ ગઇ અને ખાધું પીધું ને મોજ કરી.
**ગિજુભાઇ બધેકા.**